# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામતની જોગવાઈ કરતું બંધારણ (131મો સુધારો) વિધેયક લોકસભામાં પસાર થવામાં નિષ્ફળ

2) વેપાર અને રોકાણ સંબંધોને મજબૂત કરવા નવી દિલ્હીમાં ભારત-ઑસ્ટ્રિયા વ્યાપાર મંચ યોજાયું

3) ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે ઓફલાઇન નોંધણીનો આરંભ

4) ઈરાને જણાવ્યું છે કે હોર્મુંઝ સમુદ્રધુની હવે વાણિજ્યિક ટ્રાફિક માટે સંપૂર્ણપણે કાર્યરત

5) IPL ક્રિકેટમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN. LS WOMEN'S RESERVATION- 1

લોકસભામાં બંધારણ (એકસો એકત્રીસમો સુધારો) વિધેયક પસાર થવામાં નિષ્ફળ ગયું. આ વિધેયકમાં લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની જોગવાઈ હતી. લોકસભામાં હાજર 528 સભ્યોમાંથી 298 સભ્યોએ પક્ષમાં અને 230 સભ્યોએ વિરોધમાં મતદાન કર્યું, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ મતદાનના પરિણામો જાહેર કરી હતી.

(BYTE: OM BIRLA)

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સીમાંકન વિધેયક 2026 અને કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા (સુધારા) વિધેયક સહિત અન્ય બે વિધેયક બંધારણ (એકસો એકત્રીસમો સુધારો) વિધેયક સાથે જોડાયેલા છે.

ગૃહમંત્રી અમિત શાહે સીમાંકન અંગે વિપક્ષની ચિંતાઓને ફગાવી દેતા જણાવ્યું હતું કે બંધારણમાં સીમાંકનની જોગવાઈ છે અને તે દરેક મતવિસ્તારમાં મતદારોનું યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરશે. તેમણે ઉમેર્યું હતું કે સીમાંકનથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બેઠકોની સંખ્યામાં વધારો થશે. તેનો વિરોધ કરી રહેલા સભ્યો ખરેખર આ શ્રેણીઓ માટે બેઠકોમાં વધારો કરવાની વિનંતી કરી રહ્યા છે.

દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે નારી શક્તિ વંદન કાયદો મહિલા અનામત વિધેયક નથી અને તેનો મહિલા સશક્તિકરણ સાથે કોઈ સંબંધ નથી. તેમણે આરોપ લગાવ્યો હતો કે આ વિધેયકો સંસદમાં ચૂંટણી નકશાને બદલવાના પ્રયાસ તરીકે રજૂ કરવામાં આવી રહ્યા છે.

આ વિધેયકને સમર્થન આપતા કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મહિલાઓ માત્ર દેશની વિકાસ યાત્રામાં ભાગીદાર નથી, પરંતુ રાષ્ટ્રના ભવિષ્યને ઘડવામાં મુખ્ય નીતિ નિર્માતા પણ છે.

ડીએમકે સાંસદ કે. કનિમોઝીએ વિધેયકનો વિરોધ કરતા આરોપ લગાવ્યો કે સરકારે તમિલનાડુ અને અન્ય રાજ્યોમાં ચાલી રહેલી ચૂંટણીઓને વિક્ષેપિત કરવાના ઉદ્દેશ્યથી આ ખાસ સત્રમાં ત્રણેય વિધેયક રજૂ કર્યા હતા.

## INDIA-AUSTRIA BUSINESS FORUM

ઑસ્ટ્રિયન ચાન્સેલર ડૉ. ક્રિશ્ચિયન સ્ટોકરની ભારતની પ્રથમ મુલાકાત દરમિયાન નવી દિલ્હીમાં ભારત-ઑસ્ટ્રિયા વ્યાપાર મંચનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલના નેતૃત્વમાં આ ફોરમે બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ સંબંધોને મજબૂત બનાવવાની તક પૂરી પાડી. ઑસ્ટ્રિયાના અર્થતંત્ર, ઊર્જા અને પર્યટન મંત્રી વુલ્ફગેંગ હેટમેનડોર્ફરે પણ ભાગ લીધો હતો.

આ પ્રસંગે શ્રી ગોયલે દ્વિપક્ષીય વેપાર વધારવા, શ્રમ પ્રધાન ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરવા અને સતત સહયોગને પ્રોત્સાહન આપવા માટે બિઝનેસ ફોરમને સંસ્થાકીય બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે સુધારાઓ અને અદ્યતન ટેકનોલોજીને વિકાસના મુખ્ય સ્તંભો તરીકે વર્ણવી. ચાન્સેલર સ્ટોકરે આ મુલાકાતને એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું, નોંધ્યું કે બંને દેશો વચ્ચેનો વેપાર આશરે ત્રણ અબજ અમેરિકી ડૉલર સુધી પહોંચી ગયો છે. તેમણે કહ્યું કે ભારતમાં લગભગ 160 ઑસ્ટ્રિયન કંપનીઓ કાર્યરત છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે ફોરમનું એક મુખ્ય પરિણામ દ્વિપક્ષીય ફાસ્ટ ટ્રેક ટ્રેડ મિકેનિઝમ (FTM) ની શરૂઆત હતી. જેનો ઉદ્દેશ્ય રોકાણને સરળ બનાવવા, સમસ્યાઓનું નિરાકરણ અને વેપારને સુવ્યવસ્થિત કરવાનો છે.

## ALLAHABAD HC-RAHUL GANDHI

ઉત્તર પ્રદેશમાં અલ્હાબાદ વડી અદાલતની લખનઉ બેન્ચે રાયબરેલીના કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ બેવડી નાગરિકતા કેસમાં FIR નોંધવાનો નિર્દેશ આપ્યો હતો. ન્યાયાધીશ સુભાષ વિદ્યાર્થીની સિંગલ બેન્ચે રાજ્ય સરકારને રાહુલ ગાંધી સામેના આરોપોની તપાસ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. અદાલતે કહ્યું હતું કે રાજ્ય સરકાર પોતાની તપાસ કરી શકે છે અથવા આ મામલાને કેન્દ્રીય એજન્સીને મોકલી શકે છે.

# NAVAL COMMANDER CONFERENCE

નૌકાદળ કમાન્ડરોના પરિષદનો પ્રથમ તબક્કો ગઈકાલે નવી દિલ્હીમાં પૂર્ણ થયો. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ચાર દિવસીય પરિષદમાં ભારતીય નૌકાદળની કામગીરી અને સામગ્રી તૈયારીઓ, માળખાગત સુવિધાઓ અને માનવ સંસાધન પહેલની વ્યાપક સમીક્ષા કરવામાં આવી હતી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને ધ્યાનમાં રાખીને વર્તમાન કામગીરીનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

પરિષદમાં નૌકાદળના વડા એડમિરલ દિનેશકુમાર ત્રિપાઠીએ ભારતીય નૌકાદળની દરિયાઈ સુરક્ષા વ્યૂહરચના અંગે માહિતી આપી હતી. એડમિરલ ત્રિપાઠીએ સાગર મંથન (મહાસાગરોની બેઠક) પણ યોજી હતી. આ મંચે નૌકાદળના ટોચના નેતૃત્વ અને વિષય નિષ્ણાતો વચ્ચે સંરક્ષણ સંશોધન અને વિકાસમાં સુધારો કરવા અને વધુ ઉદ્યોગ ભાગીદારી દ્વારા ક્ષમતા વિકાસ વધારવા પર ચર્ચાઓને સરળ બનાવી હતી.

# CHAR DHAM YATRA-REGISTRATION

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે ઓફલાઇન નોંધણીનો આરંભ થઈ ગયો છે. ગઈકાલે  પહેલા દિવસે બે હજાર 713 યાત્રાળુઓએ રૂબરૂ નોંધણી કરાવી હતી. યમુનાત્રી માટે 683, ગંગોત્રી માટે 690, કેદારનાથ માટે 667 અને બદ્રીનાથ માટે 673 યાત્રાળુઓએ ઓફલાઇન નોંધણી કરાવી.

**આ દરમિયાન છઠ્ઠી માર્ચથી શરૂ થયેલી ઓનલાઈન નોંધણી પ્રક્રિયા હજુ પણ ચાલુ છે, જેમાં અત્યાર સુધીમાં અંદાજે 18 લાખ 23 હજાર યાત્રાળુઓએ ડિજિટલી નોંધણી કરાવી છે. યાત્રા સત્તાવાર રીતે 19 એપ્રિલે અક્ષય તૃતીયાના રોજ શરૂ થશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MORN. US-IRAN HORMUZ OPEN

**ઈરાને જણાવ્યું છે કે હોર્મુઝ સમુદ્રધુની હવે વાણિજ્યિક ટ્રાફિક માટે સંપૂર્ણપણે ચાલુ છે. આ જાહેરાત ઈઝરાયલ અને લેબનોન વચ્ચે 10 દિવસના યુદ્ધવિરામ દરમિયાન કરવામાં આવી છે. ઈરાની વિદેશમંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ પણ હોર્મુઝના સંપૂર્ણ ખુલવાની પુષ્ટિ કરી છે.**

જોકે જહાજોએ ઈરાની દરિયાઈ અધિકારીઓ દ્વારા નક્કી કરાયેલા સંકલિત માર્ગને અનુસરવો પડશે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં આનું સ્વાગત કર્યું અને પુષ્ટિ આપી કે તેહરાન સાથે ઔપચારિક કરાર ન થાય ત્યાં સુધી ઈરાની બંદરો પર યુએસ નૌકાદળની નાકાબંધી ચાલુ રહેશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ...

(BYTE: KARISHMA)

આ જાહેરાત બાદ ખનીજતેલના ભાવમાં 11 ટકાથી વધુનો ઘટાડો થયો છે. બ્રિટન અને ફ્રાન્સે હોર્મુઝ સમુદ્રધુનીમાં નેવિગેશનની સ્વતંત્રતા પર બહુ-રાષ્ટ્રીય બેઠકનું પણ આયોજન કર્યું હતું.

# INDIA-UK-FRANCE-HORMUZ

ભારતે સત્તાવાર રીતે પુષ્ટિ આપી છે કે તેને બ્રિટન અને ફ્રાન્સના નેતૃત્વમાં હોર્મુઝ સમુદ્રધુની  દ્વારા પરિવહન સુરક્ષિત કરવા માટે શરૂ કરવામાં આવેલી સમુદ્રી પહેલમાં જોડાવવા આમંત્રણ આપવામાં આવ્યું છે. આ માહિતી વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગઈકાલે નવી દિલ્હીમાં આપી હતી. હોર્મુઝ સમુદ્રધુની વૈશ્વિક ઉર્જા પુરવઠા માટે મહત્વપૂર્ણ છે અને ભારત માટે એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ પણ છે.

દરમિયાન બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટારમર અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન વચ્ચે ફ્રાન્સના એલિસી પેલેસ ખાતે વાતચીત થઈ. બંને નેતાઓ હોર્મુઝ સમુદ્રધુનીની પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે લગભગ 40 દેશો સાથે શિખર સંમેલનનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યા છે. જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ પણ સંમેલનમાં હાજરી આપે તેવી અપેક્ષા છે.

# CRICKET – IPL

IPL ક્રિકેટમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો. ગઈકાલે રાત્રે અમદાવાદમાં રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સે 19 ઓવર અને 4 બોલમાં 181 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. શુભમન ગિલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે દિલ્હી કેપિટલ્સ બેંગ્લોરમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે. આ મેચ બપોરે સાડા ત્રણ વાગ્યે રમાશે. બીજી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ હૈદરાબાદમાં ટકરાશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- આજના તમામ અખબારો એ મહિલા અનામત બિલ નામંજૂર અંગેના સમાચારને હેડલાઇન બનાવી છે

- દિવ્યભાસ્કર એ મહિલાઓની ઈચ્છા ફરી અધૂરી રહી. અને સંદેશે મહિલા બિલ 298 / 230 માટે પરાજિત
- નવ ગુજરાત સમયે 2029 માં મહિલા અનામતને અમલી બનાવતુ બિલ લોકસાભામાં નામંજૂર  અને ફૂલછાબે મહિલા અનામત ને લોકસભામાં બ્રેક ને મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- અન્ય સમાચારમાં હોર્મુઝ ખાડી તમામ માટે ખુલ્લી અને રાહુલ ગાંધી ઉપર FIR ના સમાચાર ને પ્રથમ પાના પર છાપ્યા છે
- નવ ગુજરાત સમયે તમામ દેશો માટે હોર્મુઝ ખાળી ખુલ્લી, ઈરાનની જાહેરાત થી ટ્રમ્પ ખુશ  - ગુજરાત સમાચારે ઇરાને હોર્મુઝ ખોલતા ક્રૂડમાં કડાકો -શર બજારમાં તેજીના એંધાણ.
- સંદેશ અને નવ ગુજરાત સમયે બેવડી નાગરિકતા મુદે રાહુલ સામે FIR દાખલ કરવા હાઈ કોર્ટ નો આદેશ ને બોક્સમાં છાપ્યા છે

--------------------